# ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪

## જાળવણી વિભાગ

**વેબસાઇટ-www.gujaratvidyapith.org**

**વિવિધ સેવા પૂરી પાડવા માટેનું ટેન્ડરઃ ૨૦૧૮-૨૦૧૯**

**ટેન્ડરનું નામ** - વિવધ સેવકો (જેવા કે Security Staff, Office Boys તથા other Office staff) પૂરા પાડવા તથા તે માટે સર્વિસ અને એડમીનીસ્ટ્રેટીવ ચાર્જ માટેનું ટેન્ડર.

**ટેન્ડર ફી** - રૂ. ૨૦૦૦/ (નોન રીફંડેબલ)

**EMD** - Rs. 1,00,000/-

**ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ – ૧૭/૧૨/૧૮**

---

છેલ્લા ત્રણ વરસમાં **ભારત સરકાર/ રાજ્ય સરકાર/ યુનિવર્સિટીમાં/ કોર્પોરેશનમાં સેવા** પૂરી પાડી હોય તેવી **પ્રતિષ્ઠિત, રજિસ્ટર્ડ, વ્યાવસાયિક સિક્યુરીટી જેમની ઓફિસ અમદાવાદ/ગાંધીનગરમાં હોય તથા તેઓ ઓછામાં ઓછા ત્રણ સો કર્મચારીઓનું ઈ.એસ.આઇ. અને ઈ.પી.એફ. ભરતા હોય,** તેઓ પાસેથી જ **બે બીડ ટેન્ડર** મંગાવવામાં આવે છે.

**ટેન્ડર ડોક્યુમેન્ટ** અમારી વેબસાઇટ www.gujaratvidyapith.org **પરથી ડાઉનલોડ કરી** શકાશે. વેબસાઇટ પરથી ટેન્ડર ડાઉનલોડ કરનારે ટેન્ડર ફીની રકમ **સ્ટેટ બેન્ક આઇ કલેક્ટ** મારફતે **ગૂજરાત વિદ્યાપીઠના** ખાતામાં ભરી તેની **ઇ-રીસીપ્ટની** પ્રિન્ટ મેળવી ટેકનીકલ બીડ સાથે જોડવાની રહેશે. **ટેન્ડર ફીની રકમ પરત** મળી શકશે નહિ.

**સિક્યુરીટી ગાર્ડ તેમજ તમામ પ્રકારના મેન-પાવર**

(૧) **ટેકનીકલ બીડઃ** જેમાં ટેન્ડર ભરનારની બધી વિગત જેવી કે, એજન્સી રજિસ્ટ્રેશન નંબર, PAN No., લેબર લાઇસન્સ, એજન્સીની માલિકી/ભાગીદારીની વિગત, લિમિટેડ કંપની હોય તો ડેરિક્ટર્સના નામ-સરનામાંની વિગત, પી.એફ. રજિસ્ટ્રેશન નંબર, ઇ.એસ.આઇ., રજિ. નંબર, સર્વસ ટેક્ષ રજિ. નંબર, તમે કોન્ટ્રાક્ટ પૂરો પાડ્યો હોય તેવી દસ સંસ્થાઓની યાદી તથા તેમના પ્રમાણપત્રો વગેરે વિગતનો સમાવેશ થાય છે. ટેકનીકલ બીડ સાથે ટેન્ડર ફી ભર્યાની ઇ-રીસીપ્ટ તથા EMD નો ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે. ચેક કે TDR સ્વીકારવામાં આવશે નહિ.

(૨) **<u>પ્રાઇસ બીડ:</u>** જેમાં Security Staff તેમજ Office Boys ને રાજ્ય સરકાર, શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર દ્વારા નિયત કરેલ લઘુતમ વેતન અન્વયે ચૂકવવામાં આવશે. જ્યારે અન્ય Office Staff ને તેમની યોગ્યતા અને અનુભવ મુજબ કામની જવાબદારી આધારિત વેતન આપવામાં આવશે. આ રકમ ઉપર (E.P.F., ઇ.એસ.આઇ. સિવાયની રકમ) ઉપર સર્વિસ ચાર્જ ટકાવારીમાં દર્શાવવાનો રહેશે.

બંને બીડ, એટલે કે ટેકનીકલ બીડ અને પ્રાઇસ બીડ, અલગ અલગ કવરમાં રાખવાં. બંને કવર, એક મુખ્ય કવરમાં રાખવા જેની ઉપર "**વિવધ સેવકોની સેવા પૂરી પાડવા સર્વિસ અને એડમીનીસ્ટ્રેટીવ ચાર્જ**" માટેનું ટેન્ડર લખી, **તા. ૧૭.૧૨.૧૮** સુધીમાં "**કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪** ને" પહોંચાડવાનું રહેશે. ત્યારબાદ આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.

ટેકનીકલ બીડ સાથે ટેન્ડર ફીના રૂ. ૨૦૦૦ (અંકે રૂ. બે હજાર- નોન-રીફંડેબલ) અને **EMD રૂ. ૧,૦૦,૦૦૦** ત્નો (અંકે રૂ. એક લાખ પૂરા)ના **ડિમાન્ડ ડ્રાફ્ટ** "**કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**"ના નામનો જોડવાનો રહેશે.

**<u>ટેન્ડર ભરનાર માટે જરૂરી શરતો</u>**

(૧) **ટેન્ડર ભરનારની જરૂરી લાયકાતઃ**

(અ) એજન્સી રજિસ્ટ્રેશન એક્ટ હેઠળ નોંધાયેલી હોવી જોઇએ.

(બ) એજન્સીએ ભારત સરકાર/રાજ્ય સરકાર/યુનિર્વસિટીમાં/કોર્પોરેશનમાં **છેલ્લા ૩ વર્ષ દરમ્યાન** સેવાઓ આપેલ હોવી જોઈએ.

(૨) ટેન્ડર ભરનારે નીચે દર્શાવેલ જાતે પ્રમાણિત(સેલ્ફ એટેસ્ટેડ) પ્રમાણપત્રો/દસ્તાવેજ **ટેક્નીકલ બીડ** સાથે જોડવાં.

૧. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર (એજન્સી/કંપની)

૨. સર્વિસટેક્ષ રજિ. પ્રમાણપત્ર

૩. PAN No.

૪. પ્રૉવિડન્ડ ફંડ રજિસ્ટ્રેશન નંબર

૫. ગુમાસ્તા ધારા રજિસ્ટ્રેશન નંબર

૬. ઇ.એસ.આઇ. રજિસ્ટ્રેશન નંબર

૭. **છેલ્લા ૩ વર્ષના** (૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ કરવામાં આવેલ હિસાબો, ટર્નઓવર, સેવકોના ઈ.પી.એફ. અને ઈ.એસ.આઇ. ભર્યાની વિગત આ સાથે આપવાની રહેશે.

૮. છેલ્લા ૩ વર્ષના ઇન્કમટેક્ષ રિટર્નની નકલ આ સાથે આપવાની રહેશે.

૯. રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું તથા અમદાવાદ/ગાંધીનગર ઓફિસનું સરનામું આપવાનું જરૂરી

રહેશે.

(૩) ટેન્ડરર (ટેન્ડર ભરનાર)નું ઓછામાં ઓછું વાર્ષિક **ટર્નઓવર રૂપિયા દસ કરોડ** હોવું જરૂરી છે.

(૪) **<u>અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD)</u>**

૧. ઇ.એમ.ડી. **રૂ. ૧,00,000/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ <u>ટેકનીકલ બીડ</u>** સાથે જોડવાનો રહેશે.

૨. અસફળ ટેન્ડરને ઇ.એમ.ડી.નો ડી.ડી. વ્યાજ વગર તુરંત પરત કરવામાં આવશે.

૩. ટેન્ડર ભર્યા પછી ટેન્ડર પરત ખેંચનારને ઇ.એમ.ડી. પરત મળશે નહીં.

૪. સફળ થયેલ ટેન્ડરર કામગીરી સ્વીકારવાની ના પાડે, તો ઇ.એમ.ડી. રકમ જપ્ત કરવામાં આવશે.

**૫.** ઇ.એમ.ડી.ની રકમ સફળ થનાર કોન્ટ્રાક્ટરને સિક્યુરીટીની રકમ રૂ. ૫,00,000/- (અંકે રૂ. પાંચ લાખ) ભરાયા બાદ વ્યાજ વગર પરત કરવામાં આવશે.

૬. એક કરતા વધુ ટેન્ડર ગુણાંકમાં એક સરખાં હશે, તો **કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ** દ્વારા રચિત કમિટી એજન્સીના અનુભવ તથા અન્ય વિગત આધારિત જે નિર્ણય કરે તે બંધનકર્તા રહેશે.

૭. ટેન્ડર સ્વીકારવું કે ન સ્વીકારવું તે અંગેનો હક્ક ગૂજરાત વિદ્યાપીઠને અબાધિત રહેશે.

૮. **ટેકનીકલ બીડ** તથા **પ્રાઇસ બીડ** આધારિત સફળ થનાર એજન્સીને **કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ** દ્વારા નીચે દર્શાવેલ શરતોને આધિન **કરારપત્ર** આપવામાં આવશે. જે સ્વીકાર્યાનું **બાંહેધરીપત્ર** ટેન્ડર ભરનાર એજન્સીએ આપવાનું રહેશે. જે આ સાથે સામેલ છે.

**<u>ટેકનીકલ બીડ તથા પ્રાઈસ બીડમાં સફળ થનાર એજન્સી માટેની શરતો</u>**

(૧) એજન્સીએ **લઘુતમ વેતન ધારા** અનુસાર તેમના સિક્યુરીટી ગાર્ડ અને સિક્યુરીટી બોયને પગાર ચૂકવવાનો રહેશે. જ્યારે અન્ય ઓફિસ સેવકો ગૂજરાત વિદ્યાપીઠે નક્કી કરેલા પગાર કર્મચારીના બેન્ક અકાઉન્ટમાં ચૂકવવાનો રહેશે. સ્ટાફને ચૂકવેલ **પગારની વિગત હિસાબ વિભાગને** આપવાની રહેશે.

(૨) એજન્સી/ કોન્ટ્રાકટરે તેના દરેક કર્મચારીના P.F., **ઈ.એસ.આઈ**. તથા મજૂર કાયદા અનુસાર જે રકમ કપાત કરી જે તે ખાતામાં જમા કરાવવાની રહેશે. રકમ ભર્યાના ચલણ તેના પછીના માસના બિલ સાથે જોડવાના રહેશે.

(3) એજન્સી/ કોન્ટ્રાકટરે તેના **દરેક કર્મચારીનું હાજરીપત્રક** જાળવવાનું રહેશે. જે તે માસના બિલ સાથે તે રજૂ કરવાનું રહેશે.

(૪) સિક્યુરીટી ગાર્ડને **આઠ–આઠ** કલાકની **ત્રણ પાળી** પ્રમાણે કામગીરી કરવાની રહેશે, જ્યારે અન્ય કર્મચારીએ દિવસ દરમ્યાન, ગૂજરાત વિદ્યાપીઠે સૂચવ્યાનુસાર આઠ કલાકની કામગીરી કરવાની રહેશે.

(૫) કર્મચારીનાં ચાલુ નોકરીએ **અકસ્માત કે અવસાનની** જવાબદારી એજન્સી/કોન્ટ્રાક્ટરની રહેશે.

(૬) એજન્સી/ કોન્ટ્રાકટરે તેના કર્મચારીનું **સુપરવીઝન** સમયે સમયે કરવાનું રહેશે તથા તેનો અહેવાલ કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠને આપવાનો રહેશે.

(૭) એજન્સી/ કોન્ટ્રાકટરે તથા તેના સ્ટાફે ગૂજરાત વિદ્યાપીઠના કેમ્પસની મિલ્કત, વાહન વગેરેને કોઈ નુકશાન ન પહોંચાડે તેની સાવચેતીપૂર્વક દેખરેખ રાખવાની રહેશે.

(૮) એજન્સી/કોન્ટ્રાક્ટરે તેના કર્મચારીને તેના **ફોટાવાળું ઓળખપત્ર** આપવાનું રહેશે. જે દરેક કર્મચારીએ પોતાની સાથે રાખવાનું રહેશે.

(૯) **ગૂજરાત વિદ્યાપીઠ કેમ્પસ** તથા તેના **સંચાલિત કેમ્પસ પર કામગીરી બજાવતા** સિક્યુરિટી ગાર્ડે **જગ્યાનો દુરૂપયોગ** ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૧૦) કોન્ટ્રાક્ટરે તેના સ્ટાફને **સેલેરી-સ્લીપ (પગાર-સ્લીપ)** આપવાની રહેશે. જેમાં **E.P.F., E.S.I., તથા અન્ય કપાત કે ચૂકવણીની** વિગત દર્શાવવાની રહેશે.

(૧૧) એજન્સી/કોન્ટ્રાકટર પાસે પૂરતા પ્રમાણમાં **સિક્યુરીટી ગાર્ડ, સિક્યુરીટી બોય એન્ડ અન્ય ઓફિસ સ્ટાફ** હોવો જોઇએ.

(૧૨) એજન્સી/કોન્ટ્રાક્ટરનો **સ્ટાફ વિવેકી** તેમજ **કોઇપણ જાતના વ્યસન વગરનો** હોવો જોઇએ.

(૧૩) એજન્સી/કોન્ટ્રાક્ટરે કોઇપણ **કર્મચારીની ફરજ પ્રત્યે**, **વ્યસન અંગે**, **ચારિત્ર્ય** અંગે કે અન્ય કોઇ પ્રકારની **ફરિયાદ** થાય તો તુરત જ તેને **ફરજમુક્ત** કરવાનો રહેશે.

(૧૪) **ગૂજરાત વિદ્યાપીઠને** સિક્યુરીટી ગાર્ડ કે મેનપાવરની સંખ્યામાં **વધારો કે ઘટાડો** કરવાનો તેમજ કોઇપણ **કર્મચારીની કામગીરી બદલવાનો** તથા તેને **ફરજ ઉપર આવતા અટકાવવાનો** હક્ક રહેશે.

(૧૫) કોન્ટ્રાક્ટરે **તેના સિક્યુરીટી ગાર્ડને ટોર્ચ, લાકડી, ગણવેશ** તથા જરૂરી **સ્ટેશનરી** પૂરી પાડવાની રહેશે.

(૧૬) તમારા કોઇ કર્મચારીને રહેઠાણ પૂરાં પાડવા અંગેનો હક્ક ગૂજરાત વિદ્યાપીઠ પાસે અબાધિત રહેશે.

(૧૭) કોન્ટ્રાક્ટ પૂરો થયા પછી તમારા કોઇ કર્મચારીને પછીના વર્ષ માટે ફરજ પર રાખવા કોઇ ભલામણ કરી શકશે નહીં.

(૧૮) કર્મચારીનો પગાર પછીના **માસની ૧૦ તારીખ** સુધીમાં કરવાનો રહેશે. બિલ જે તે માસની **૫મી તારીખ** સુધીમાં રજૂ કરવાનું રહેશે. જો જે તે માસની **૧૦ તારીખ** સુધીમાં કર્મચારીને વેતન ન ચૂકવવામાં આવે તો પ્રતિ વિલંબીત દિવસના **રૂ.૨૦૦૦/- લેખે દંડ** વસૂલવામાં આવશે. ઓડિટમાં માલુમ પડશે કે બિલમાં વધુ ચૂકવણું થયું છે, તો તેટલી રકમ પરત કરવાની રહેશે, જ્યારે ઓછું ચૂકવણું થયું હશે તો તેટલી રકમ એજન્સી/કોન્ટ્રાક્ટર તરફથી ચૂકવવાની રહેશે.

(૧૯) કર્મચારીના E.P.F., ઇ.એસ.આઇ., સર્વિસટેક્ષ તથા અન્ય કાયદાકીય જવાબદારી અંગેના ખુલાસા કરવાની જવાબદારી એજન્સી/કોન્ટ્રાક્ટરની રહેશે.

(૨૦) એજન્સી/કોન્ટ્રાક્ટરે **૧૮ વર્ષથી ઓછી ઉંમરનો કોઇપણ કર્મચારી** રાખી શકશે નહીં.

(૨૧) કોન્ટ્રાક્ટરનો સમયગાળો એક વર્ષનો રહેશે. સંતોષજનક કામગીરી જણાશે, તો વધુ એક વર્ષ સુધી કોન્ટ્રાક્ટ લંબાવવો કે નહીં તે નિર્ણય ગૂજરાત વિદ્યાપીઠનો રહેશે.

(૨૨) ન્યાયક્ષેત્ર – કોઇપણ વિવાદ અંગે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

(૨૩) અધૂરાં/અસ્પષ્ટ/શરતી કે નિયત સમયમર્યાદા બાદ આવેલાં ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં કે તે અંગેના કારણો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૨૪) એજન્સી/કોન્ટ્રાક્ટર કોઇપણ સરકારી કે બિનસરાકરી સંસ્થાના **ડિફોલ્ટર નથી** તથા કોઇ **પોલીસ કેસ રેકોર્ડ** પર નહીં હોવાનું **રૂ.૧૦૦/-** ના સ્ટેમ્પ પેપર ઉપર, ટેન્ડર ઓનલાઇન થયા પછી, **નોટરાઇઝ્ડ અસલ એકરારનામું** રજૂ કરવાનું રહેશે.

(૨૫) એજન્સી/કોન્ટ્રાક્ટરે નેશનલાઇઝ્ડ **બેન્કની રૂ. પાંચ કરોડ (પાંચ કરોડ) ની બેન્ક સોલવન્સીની** પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે.

(૨૬) એજન્સી/કોન્ટ્રાક્ટરે, સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં સિક્યુરીટી ગાર્ડ તેમજ મેનપાવરનો **છેલ્લા ત્રણ વર્ષમાં** વધારે માણસોનો સિંગલ વર્કઓર્ડર તેમજ કામ કર્યાના અનુભવનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

**(ડૉ. રાજેન્દ્ર ખીમાણી)**
**કુલસચિવ**

**Tender Form for service and administrative charges for providing Man Power Services to Gujarat Vidyapith**
**(Technical Bid)**

| |
|---|
| Affix latest passport copy of photograph |

1) Name and Address of Agency/Company: ___________________________________

   ______________________________________________________________________

   Telephone number: _____________________________________________________

2) Address of Office at Ahmedabad/ Gandhinagar : ___________________________

   ______________________________________________________________________

3) Agency's / Company's Registration number :_______________________________

4) Name of Designated person / telephone number:

   ___________________________/_________________________________________

5) Type of Agency, whether Individual / Partnership firm or Limited Company:

   ______________________________________________________________________

6) Name of Company's Partners/Directors with Address and Telephone Numbers (Please attach Annexure with this form separately)

7) Agency's / Company's PAN No.: ________________________________________

8) Agency's / Company's Provident Fund account number:_____________________

9) Agency's / Company's E.S.I.C. number :__________________________________

10) Agency's / Company's Service Tax/GST number:

_____________________________/_______________________________________

11) Registration No. Under PSA (Regulation) Act 2005: ________________________

12) Registration No. / License No. Under Contract Labour (R&A) Act 1970 for providing security Services only, through contract Workers valid as on 31-12-2019: ____________________________/__________________________________

13) Details with supporting documents of Providing Security services, during last three years:

(i) Govt. of India____________________________________________________

(ii) State Govt./ Universities/Corporation/_______________________________

(iii) Private Sector

____________________________________________________

14) Attach copies of the last three Income tax returns Year 2015-16, Year 2016-17 & Year 2017-18.

15) Turn-over of the last three years (in Rupees):

Year 2015-16: ______________________________

Year 2016-17: ______________________________

Year 2017-18: ______________________________

16) Average Turnover of last 3 years: Rs. ________________

17) No. of Employees for which EPF has been deposited during last three years:

Year 2015-16: ______________________________

Year 2016-17: ______________________________

Year 2017-18: ______________________________

18) No. of Employees for which ESI contribution has been deposited during last three years:

Year 2015-16: ____________________________

Year 2016-17: ____________________________

Year 2017-18: ____________________________

19) Details of Tender Fee, E-receipt No.____________Date_________ of

**State Bank I-Collect**

20) Details of Earnest Money Deposit

(A) Amount of Rs.______________________

(B) D.D. No.__________________

(C) Date:-______________

(D) Name of Bank/Branch__________________/_____________________

21) Other Information:___________________________________________________

22) Declaration of filling Tender:

I/ We declare that I / We have read all the condition of Tender form; and I/We am/are bound to obey the terms and conditions, and all the information provided in the tender by us are true and correct.

Signature of filling Tenderer: ___________________________________

Name and Address : _________________________________

Telephone Number : _________________________________

<u>**Note:**</u> Please enclose self-attested certificates with this tender form.

**PRICE BID**

**(Service and Administrative charges for providing Man Power Services to Gujarat Vidyapith)**

With reference to your tender enquiry for outsourcing services for Gujarat Vidyapith, Ahmedabad campus and campuses at Gandhinagar District viz. Sadra and Randheja; the terms and conditions given regarding the contract have been carefully gone through and abiding with these terms and conditions we submit our Financial Bid for service and administrative charges for providing Man Power Services to Gujarat Vidyapith, which is as follows:

| Sr. No. | Particulars | No. of estimated employees* required | Wages | EPF Contribution in % | ESI in % | Service & administrative Charge** in % on wages |
|---|---|---|---|---|---|---|
| 1. | Security Guards (unarmed) | 30 | At the rates prescribed by State Govt. | As per rules | As per rules | |
| 2. | Office Boys | 85 | At the rates prescribed by State Govt. | As per rules | As per rules | |
| 3 | Other Office Staff: | | Ranging from: | As per rules | As per rules | |
| | A) Clerical | 50 | Rs.13,000/- to Rs. 23,000/-# | | | |
| | B) Technical | 10 | Rs. 15,000/-to Rs. 25,000/-# | | | |

* No. of employees may vary as per requirement of Gujarat Vidyapith.

** At present Universities are exempted from payment of service taxes. If Government imposes any service tax or other tax it will be borne by Gujarat Vidyapith.

\# The pay will depend upon the qualifications, experience and job profile.

Details of tender fee and EMD

(1) Tender Fee – E.Receipt No.__________ Date_____________ Rs.2,000/-
(2) EMD DD No.__________ Bank_____________ Rs.1,00,000/-

Signature_____________________
Name & Designation with seal

Contact No:-________________________
Email :-____________________________

______________________________
______________________________

**(આ પત્ર એજન્સી/કંપનીના "લેટરપેડ" પર ટાઇપ કરવો)**

તારીખઃ

**પ્રતિ,**

**કુલસચિવશ્રી,**

**ગૂજરાત વિદ્યાપીઠ**

**આશ્રમ રોડ,**

અમદાવાદ-૩૮૦૦૧૪.

**વિષય – સિક્યુરીટી સર્વિસ પૂરી પાડવાના ટેન્ડર અંગે.**

**મે. સાહેબશ્રી,**

(૧) હું/અમે આ સાથેના ટેન્ડર ડોક્યુમેન્ટમાં જણાવેલ શરતો સાથે સંમત છું/છીએ.

(૨) હું/અમે આ સાથેના ટેન્ડર ડોક્યુમેન્ટમાં જણાવેલ શરતો મેં/અમે વાંચી છે, અને સારી સમજ્યો/સમજ્યા છું/છીએ. તેનું પાલન કરવા બાંહેધરી આપું છું./આપીએ છીએ.

(૩) હું/અમે સરકાર તરફથી વખતોવખત લઘુત્તમ વેતનમાં સુધારા, પ્રો. ફંડ એક્ટ, ઇ.એસ.આઇ. એક્ટમાં સુધારા મુજબ વર્તવા બાંહેધરી આપું છું/છીએ.

(૪) હું/અમે સારા, વિવેકી, વ્યસનરહિત સ્ટાફ પૂરો પાડવા બંધાઉ છું/બંધાઇએ છીએ.

(૫) હું/અમે અમારા કોઇપણ કર્મચારીની ફરિયાદ આવશે, તો તેની પર શિક્ષાત્મક પગલાં ભરવા બંધાઉ છું/બંધાઇએ છીએ.

સહીં-સિક્કો

નામ-સરનામું

અને ટેલીફોન નંબર